ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી હૃદય અને ફેફસાના ટ્રાન્સપ્લાન્ટના રોગના કેસોમાં ખાસ કિસ્સામાં તબીબી સહાયના ધોરણો નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સીએલએસ–૧૦૨૦૧૯–મુમક–વીઆઈપી–૬૦–સ.૪.
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૫–૧૧–૨૦૧૯.

વંચાણે લીધા :–(૧) મહેસુલ વિભાગની માન. મુખ્યમંત્રીશ્રીના રાહતફંડ શાખાનો ઠરાવ ક્રમાંક : સીએમએફ/૩૬૨૦૦૮/૬૩/ફંડ. તા.૪–૬–૨૦૦૯.

<u>આમુખ</u> :–

ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી કુદરતી આપત્તિ અંગે અસરગ્રસ્તોને જરૂરી સહાય આપવામાં આવે છે. આ ફંડમાંથી શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યકિતઓને કેન્સર, હાર્ટસર્જરી તથા કીડનીના રોગો તથા લીવર ટ્રાન્સપ્લાન્ટ જેવા ગંભીર પ્રકારના રોગોવાળા દર્દીઓની સારવાર માટે સહાય આપવાનું ધોરણ અમલમાં છે.

હૃદય અને ફેફસાના ટ્રાન્સપ્લાન્ટ તથા હાર્ટ અને લંગ્ઝ ટ્રાન્સપ્લાન્ટના રોગની સારવાર માટે ખાસ કિસ્સા માટે સહાયની મહત્તમ મર્યાદા નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. તદ્દ અનુસાર નીચે જણાવેલ ધોરણ ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ</u> :–

સરકારશ્રીની કાળજીપૂર્વકની અને પુખ્ત વિચારણાને અંતે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ / લંગ્ઝ ટ્રાન્સપ્લાન્ટ તથા હાર્ટ અને લંગ્ઝ ટ્રાન્સપ્લાન્ટની સારવાર માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી નીચે કોલમ નં.(૩)માં જણાવેલ મહત્તમ સહાય અથવા માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહતફંડની કાર્યવાહક સમિતિ નક્કી કરે તે મુજબની સહાય જરૂરિયાતમંદ દર્દીઓને માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | રોગનો પ્રકાર | સહાયની મહત્તમ રકમ રૂા. |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧. | હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ | રૂા. ૭.૫૦ લાખ |
| ૨. | લંગ્ઝ ટ્રાન્સપ્લાન્ટ | રૂા. ૭.૫૦ લાખ |
| ૩. | હાર્ટ અને લંગ્ઝ ટ્રાન્સપ્લાન્ટ | રૂા. ૧૦ લાખ |

....૨....

Scanned with CamScanner

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૦૧–૧૦–૨૦૧૯ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીની રાહત ફંડની કાર્યવાહક સમિતિની મળેલ અનુમતિથી અન્વયે આદેશ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. ડી. પારેખ)
સેકશન અધિકારી,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,
રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧,સચિવાલય, ગાંધીનગર.
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
તમામ રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
નાયબ સચિવશ્રી(જનસંપર્ક એકમ), માનનીય મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, બ્લોક નં.૧, ભોંયતળીયે, સચિવાલય, ગાંધીનગર.
તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
તમામ શાખાઓ, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
તમામ કલેકટરશ્રીઓ,
તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
શાખા સીલેકટ ફાઈલ.

Scanned with CamScanner